
## હરિની દૃષ્ટિ...



પ્રભુ તમે જ જુઓ...!! અમને પણ અવાજથી તકલીફ થાય જ છે... અમે સહન કરીએ છીએ કેમકે અમારે ભક્તિ કરવી છે...!!

## સે-૩-ન્યુ નવરાત્રી મહોત્સવ સમિતિના હોદ્દેદારોની વરણી કરાઈ

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર શહેરના સેક્ટર-૩-ન્યુ ખાતે આગામી નવરાત્રી આયોજનને પગલે તાજેતરમાં સામાન્ય સભા યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં સેક્ટરવાસીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે નવરાત્રી સમિતિના હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે સંજય પટેલ, મહામંત્રી તરીકે બીપીન પરમાર, ખજાનચી તરીકે કાંતિભાઈ પટેલ, ઉપપ્રમુખ તરીકે રાજુભાઈ પટેલ, સી.એન. ડામોર, બાબુભાઈ વી. પટેલ, રાજુભાઈ શર્મા, નવઘણભાઈ ભરવાડ, સંગઠન મંત્રી તરીકે વિરચંદભાઈ પરમાર, દશરથભાઈ વ્યાસ, સંજય ભોંસલે, દુષ્યાંત શ્રીમાળી, સહમંત્રી તરીકે પંકજ સોની, ભરત એમ. પટેલ, કમલેશ બારોટ, હેમંત ત્રિવેદી, સહખજાનચી તરીકે ભાસ્કર બાલપાન્ડે, પુરૂષોત્તમ પરમાર, શાર્દુલ પટેલ સહિત સેકટરના અન્ય યુવાન સેકટરવાસીઓની કારોબારી સભ્ય તરીકે વરણી કરવામાં આવી છે.

## ગુજરાત સચિવાલય એન્ડ એલાઈડ ઓફીસીસ સ્ટેનોગ્રાફર્સ એસોસીએશનના હોદ્દેદારો નિમાયા

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાત સચિવાલય એન્ડ એલાઈડ ઓફીસીસ સ્ટેનોગ્રાફર્સ એસોસીએશનની દ્વિવાર્ષિક સામાન્ય સભા તાજેતરમાં જૂના સચિવાલય કેન્ટીન ગાંધીનગર ખાતે યોજાઈ હતી. જેમાં વર્ષ-૨૦૧૫-૧૭ના નવા હોદ્દેદારોની વરણી સર્વાનુમતે કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે અશ્વિન ગાંધી (રહસ્ય સચિવ ગૃહ વિભાગ), ઉપપ્રમુખ તરીકે આર.કે. અસોડા (રહસ્ય સચિવ, આરોગ્ય અને પ.ક. વિભાગ), મહામંત્રી તરીકે વસ્તલ વોરા (અંગત મદદનીશ મહેસુલ વિભાગ), સહમંત્રી તરીકે પી.એમ. પટેલ (રહસ્ય સચિવ, આરોગ્ય અને પ.ક. વિભાગ) તેમજ જે.જે. સોની (અંગત મદદનીશ સામાન્ય વહીવટ વિભાગ), ખજાનચી તરીકે રમેશ ખરાડી (અંગત મદદનીશ પંચાયત, ગ્રા.ગૃ.નિ. વિભાગ), આંતરીક-ઓડિટર તરીકે હરેશ સોની (અંગત મદદનીશ, સામાન્ય વહીવટ વિભાગ, તેમજ મહિલા પ્રતિનિધિ તરીકે ડી.બી. ઠાકર (રહસ્ય સચિવ માર્ગ અને મકાન વિભાગ)ની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

## ગાંધીનગરનો યુવાન વિમલ પ્રજાપતિ રાયફલ શુટિંગમાં રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી પામ્યો

ગાંધીનગર, તા. ૧૯

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી ગાંધીનગર સંચાલિત આર.એન. લલિતકલા એકેડેમીમાં ચાલતા મમતા સ્પોર્ટસ સેન્ટર અને શેઠ મેડલ મેળવ્યો છે. સાથોસાથ રમીને ક્વોલિફાઈંગ સ્કોર સિદ્ધ કરી નેશનલ ચેમ્પીયનશીપ માટે સીલેકશન થયું છે. મમતા સ્પોર્ટસ સેન્ટર અને ગાંધીનગર ડીસ્ટ્રીક રાઈફલ



સી.એમ. હાઈસ્કૂલનો વિદ્યાર્થી રાઈફલ શૂટર વિમલ સી. પ્રજાપતિએ પ્રિ. નેશિનલ ગન ફોર ગ્લોરી શૂટીંગ ચેમ્પિયનશીપમાં ૧૦ મીટર (પીપ સાઈટ) એર રાઈફલની ઈવેન્ટમાં જોડાયો હતો. આ ઈવેન્ટમાં જુદા જુદા ૨૦ રાજ્યોના શૂટરોએ ભાગ લીધો હતો. જેમાં ગુજરાત તરફથી વિમલ પ્રજાપતિએ એર રાઈફલની કોમ્પીટીશીનમાં સુંદર પ્રદર્શન કરી કુલ સ્કોર ૪૩૬માંથી ૩૯૮.૧ જવલંત સ્કોર પ્રાપ્ત કરીને બ્રોન્ઝ એસોસિએશન અને ગુજરાત માટે ગૌરવની વાત છે.

આર.એન. લલિતકલા એકેડેમીમાં ચાલતા મમતા સ્પોર્ટસ સેન્ટર પ્રિન્સીપાલ દિનાબેન ડોડીયાના માર્ગદર્શન તથા સિનિયર એર રાઈફલ શૂટીંગના કોચ ગજેન્દ્રસિંહ બારડની જહેમતથી વિમલ પ્રજાપતિએ જવલંત સફળતા પ્રાપ્ત કરી છે. વિમલ પ્રજાપતિને તેના મિત્રો, શુભેચ્છકો, સગાવ્હાલાઓએ આ સિદ્ધિ બદલ શુભકામના પાઠવી હતી.

## ભાટ રામદેવપીર મંદિર ખાતે નોમના દિવસે નેજા ચઢશે

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર નજીક આવેલા ભાટ ગામના રામદેવ પીર મંદિરે આગામી તા. ૨૨ સપ્ટેમ્બર ૨૦૧૫ને મંગળવારના રોજ ભાદરવા સુદ નોમ નિમિત્તે ૩૯૦ નેજા અને ૫ નંગ બાવનગજની ધજા રામદેવપીરના ભકતો દ્વારા ધામધુમથી ચઢાવવામાં આવશે. સવારે ૮ થી સાંજે ૫ વાગ્યા સુધી વિવિધ પુજા અર્ચન કરવામાં આવશે. આ પ્રસંગે મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ આવતા હોવાથી તેમના માટે ભંડારાનું આયોજન પણ કરવામાં આવ્યું છે. આ પ્રસંગે સર્વભકતોને દર્શનનો લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

## આજે સે-૨૨ ગણેશ મહોત્સવમાં ગીત ગઝલનો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર શહેરના સે-૨૨ ખાતે ઉજવાઈ રહેલા ૪૬માં સાર્વજનિક ગણેશોત્સવ દરમિયાન તા. ૨૦ સપ્ટેમ્બર ૨૦૧૫ને રવિવારના રોજ રાત્રે ૯-૦૦ કલાકે રાજેશ મહેડુ દ્વારા સુમધુર ગુજરાતી ગીત ગઝલનો કાર્યક્રમ રજુ કરવામાં આવશે. આ ગીત ગઝલ પ્રોગ્રામમાં સહગાયક તરીકે શિલ્પા પંડિત તેમજ નેહલ ગઢવી કાર્યક્રમનું રસ દર્શન કરાવશે. આ સુંદર કાર્યક્રમનો લાભ લેવા નગરના કલારસિકોને અનુરોધ કરવામાં આવ્યો છે.

## દ્વારકેશ સોસાયટીમાં આજે રક્તદાન શિબિર

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરના ક-રોડ પરની દ્વારકેશ સોસાયટીમાં ગણેશોત્સવની અનેરી ઉજવણી કરાઈ રહી છે. આ ઉત્સવ બેટી બચાવો, બેટી પઢાઓની થીમ આધારિત ઉજવવામાં આવી રહ્યો છે. અને આ આધારિત ભવાઈનો રમુજી કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો. આ સાથે તા. ૨૦મી સપ્ટેમ્બર રવિવારે ગણેશ મહોત્સવના સાનિધ્યમાં રક્તદાન શિબિરનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ રક્તદાન શિબિર સવારે ૯.૩૦ થી ૧૨.૩૦ વાગ્યા દરમ્યાન સિવિલ હોસ્પિટલની બ્લડ બેંકના સહયોગથી યોજાશે. આ રક્તદાન કેમ્પમાં સહભાગી થવા સેવાભાવી નગરજનોને દ્વારકેશ સોસાયટી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# ગાંધીનગર જિલ્લામાં નાગરિક બેંકના વિકાસ માટે જરૂરી પગલાં લેવાશે : ડૉ. હિમાંશુ પટેલ

### ગાંધીનગર નાગરિક કો-ઓપ. બેંકના નવા હોદ્દેદારોનો ભવ્ય પદગ્રહણ સમારોહ યોજાયો : પ્રજાલક્ષી વહીવટ વધુ સુદૃઢ અને સરળ કરાશે : એમ.ડી. મનુભાઈ પટેલ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર નાગરિક કો-ઓપ બેંક લિમિટેડના નવા વરાયેલા ચેરમેન ડૉ. હિમાંશુ પટેલ, વાઈસ ચેરમેન નરેન્દ્રભાઈ શાહ અને મેનેજિંગ



ડીરેક્ટર મનુભાઈ પટેલનો આજે શાનદાર પદગ્રહણ સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે ઘણી મોટી સંખ્યામાં ઉમટી પડેલા બેંકના સભાસદો, ગ્રાહકો તેમજ અગ્રણી નાગરિકોએ આ ત્રણે હોદ્દેદારોને ભારે ઉત્સાહ સાથે શુભેચ્છાઓ પાઠવી હતી. જેમાં આગામી સમયમાં બેંકના પ્રજાલક્ષી વહીવટને વધુ સુદૃઢ અને સરળ બનાવવાની તેમણે ખાતરી આપતા જણાવ્યું હતું કે, ગાંધીનગર નાગરિક કો-ઓપ બેંકના વિકાસ અંગે જરૂરી પગલાં લેવાશે.

ગાંધીનગર નાગરિક કો-ઓપ બેંકના બોર્ડ ઓફ ડીરેકટર્સની તાજેતરમાં જ ચૂંટણી યોજાઈ હતી. પાંચ વર્ષ માટે ચૂંટાયેલા આ ડીરેક્ટરોએ બેંકના નવા હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરી હતી. જેમાં નવા વરાયેલા ચેરમેન ડૉ. હિમાંશુ પટેલ, વાઈસ ચેરમેન નરેન્દ્રભાઈ શાહ અને એમ.ડી. મનુભાઈ પટેલે આજે યોજાયેલા પદગ્રહણ સમારોહમાં પોતાના હોદ્દાનો કાર્યભાર સંભાળ્યો હતો. આ સમારોહમાં મેયર શ્રીમતી હંસાબેન મોદી, ડેપ્યુટી મેયર કાર્તિકભાઈ પટેલ, ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા, કોંગ્રેસના જિલ્લા પ્રમુખ સૂર્યસિંહ ડાભી, ભાજપના શહેર પ્રમુખ નીતિનભાઈ પટેલ, કોંગ્રેસના પ્રદેશ પ્રવક્તા નિશીથ વ્યાસ, સહકારી આગેવાન લાલભાઈ પટેલ, જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ જશુભા રાણા ઉપરાંત બેંકના ડીરેક્ટરો, કોર્પોરેટરો તેમજ જિલ્લા - તાલુકા પંચાયતના સદસ્યોએ ઉપસ્થિત રહી ફૂલહાર અને બૂકે સાથે આ ત્રણેય હોદ્દેદારોને ઉમળકાભેર શુભેચ્છાઓ પાઠવી હતી.

આ પ્રસંગે સ્વામીનારાયણ સંપ્રદાયના સંતશ્રીઓએ પણ આ હોદ્દેદારોને આશીર્વાદ આપ્યા હતા. જ્યારે ગાંધીનગર નાગરિક બેંકના સભાસદો, ગ્રાહકો તેમજ વિવિધ રાજકીય પક્ષો અને સામાજિક સંસ્થાઓના પદાધિકારીઓ અને અગ્રણી કાર્યકરો સહિત નાગરિકોએ ઘણી મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી શુભેચ્છાઓ પાઠવી હતી. લોકોના ઉમળકાભર્યા આવકારનો પ્રતિભાવ આપતા ચેરમેન ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું હતું કે, આ બેંકમાં પ્રજાને કોઈપણ પ્રકારની મુશ્કેલી પડે નહીં



તેનું ધ્યાન રાખવામાં આવશે. આ માટે તમામ શાખાઓમાં દરેક પ્રકારની બેંકીંગ સેવાઓનું કોમ્પ્યુટરાઈઝેશન વધુ સરળ કરવામાં આવશે. જ્યારે એમ.ડી. મનુભાઈ પટેલે કહ્યું હતું કે આ બેંક દ્વારા આપવામાં આવતા પ્રજાલક્ષી વહીવટને વધુ સરળ અને સુદૃઢ બનાવવામાં આવશે. જેમાં સામાન્યમાં સામાન્ય નાગરિકની આર્થિક સ્થિતિને ધ્યાનમાં રાખી સહાય કરવા જરૂરી આયોજન કરાશે. આ પદગ્રહણ સમારોહને સફળ બનાવવા માટે બેંકના તમામ કર્મચારીગણે ભારે જહેમત ઉઠાવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ એમ.ડી. અને વાઈસ ચેરમેનનું પદ શોભાવનાર કોંગ્રેસના પ્રદેશ પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલ પુનઃ નાગરિક બેંકના ચેરમેન બન્યા છે. જ્યારે મનપામાં ભાજપના કોર્પોરેટર મનુભાઈ પટેલ સાતમી વાર ગાંધીનગર નાગરિક કો-ઓપ બેંકના એમ.ડી. બન્યા છે, તો એકવાર એમ.ડી. રહી ચૂકેલા સામાજિક આગેવાન નરેન્દ્રભાઈ શાહ બીજીવાર વાઈસ ચેરમેન પદે બિરાજ્યા છે.

## ખૂણે ખાંચરેથી...

● જિલ્લા કલેક્ટર શ્રી રવિશંકર આજે એકાએક રજા પર ઉતર્યા છે.

● જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠકમાં પ્રભારી સચિવ શ્રી એમ.એસ. ડાગુરે ખાસ હાજરી આપી હતી.

● ફરિયાદ અને સંકલન સમિતિની બેઠકમાં માત્ર બે જ કોંગી ધારાસભ્યો શ્રી અમીત ચૌધરી અને શ્રી બળદેવજી ઠાકોર હાજર રહ્યા હતા.

● જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ હીનાબેન પટેલનો આજે જન્મ દિવસ હતો તેમને શુભેચ્છા આપવા આવેલા સ્નેહીજનો અને શુભેચ્છકો તેમજ પંચાયતના કર્મચારીઓને આઈસ્ક્રીમ ખવડાવી મોં મીઠી કરાવ્યું હતું.

● વિધાનસભા સચિવાલયના ભોયતળિયે આવેલ શૌચાલયની ગટર ચોક-અપ થઈ જતાં ફાઈટરની મદદ લેવી પડી હતી. પરંતુ ફાઈટરની પાઈપ પણ ગટરમાં ફસાઈ જતાં પત્થરો તોડી તેને બહાર કાઢવી પડી હતી.

● મુખ્યમંત્રીશ્રીના જનસંપર્ક કાર્યાલયના અધિકારી ઉદય વૈષ્ણવનો આજે જન્મ દિવસ હતો. જે તેમણે અત્યંત સાદગીથી મનાવ્યો હતો.

● ગાંધીનગર સરગાસણ માર્ગ પર આવેલ સોસાયટીઓમાં ત્રણ દિવસના ગણેશોત્સવની ઉજવણી બાદ ગણપતિદાદાની મૂર્તિના વિસર્જનના કાર્યક્રમો યોજાયા હતા.

# સોશિયલ મિડિયા પર પ્રતિબંધના પગલે યુવા વર્ગમાં આક્રોશ

ગાંધીનગર, તા. ૧૯

ફરી એકવાર પાટીદાર અનામત આંદોલનના પગલે રાજ્ય સરકાર દ્વારા મોબાઈલ ઈન્ટરનેટ અને સોશ્યલ મિડીયા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. ઈન્ટરનેટ બંધ થવાથી બેંકિંગ સેવાઓ સહિત અનેક સુવિધાઓ પણ પ્રભાવિત થવા પામશે જેના કારણે ધંધા-રોજગારના કાર્યોમાં અડચણો પેદા થશે. આ સાથે સોશ્યલ મિડીયા સાથે જોડાયેલા યુવાવર્ગમાં પણ નિરાશાનું મોજુ ફરી વળ્યું છે. આજે ગાંધીનગર સમાચારે કેટલાક યુવાનો સાથે વાત કરીને આ બાબતે તેમના અભિપ્રાય જાણવા કોશિષ કરી હતી.



● અત્યારના આધુનિક યુગમાં ઈન્ટરનેટ એ અગત્યનું માધ્યમ છે. માધ્યમ બંધ થવાથી ઘણી તકલીફ પડે છે. અમારા જેવા કલાકારોને નાટકોના રિર્હસલ માટે એક બીજાને કોન્ટેક કરવા માટે વૉટ્સએપ કરીએ છીએ. કારણ કે અમે લોકો મોટા ભાગે સોશ્યલ મીડીયાનો વધુ ઉપયોગ કરીએ છીએ. પરંતુ નેટ બંધ થવાથી કોલીંગ કરવા પડે છે.

આનામત આંદોલનને કારણે તંત્ર દ્વારા બીજીવાર નેટ બંધ કરવાની ફરજ પડી છે તે બહુ ગંભીર બાબત છે. ઈન્ટરનેટ બંધ થવાથી અનેક મુશ્કેલીનો સામનો લોકોને કરવો પડશે. - ફાલ્ગુન નંદા



● ઈન્ટરનેટ બંધ થવાથી એજ્યુકેશન પર ભારે મુશ્કેલી પડે છે. પરીક્ષા નજીક આવી રહી છે તેવા સમયે ફરીવાર સરકાર દ્વારા નેટ બંધ થવાથી તૈયારી કરવામાં ભારે મુસીબતનો સામનો કરો પડે છે. - યાત્રી ઓઝા



● ફરીવાર તંત્ર દ્વારા ઈન્ટરનેટ બંધ કરવામાં આવતા યુવાવર્ગ નિરાશ થયો છે. યુવાનો, મહિલાઓ, પુરુષો સહિત દરેક વર્ગના લોકોમાં ઈન્ટરનેટ અત્યંત જરૂરી બની ગયું છે. ત્યારે મારી વિદેશ રહેતી બહેન જોડે વાત હું ઈન્ટરનેટ બંધ રહેશે ત્યાં સુધી નહી કરી શકુ. તેમજ નાની મોટી અનેક તકલીફોનો સામનો કરવો પડશે. જ્યાં ઈન્ટરનેટથી કામ પુરૂ થતુ હતુ ત્યા હવે રૂબરૂ જવું પડશે એટલે કામમાં વધારો થશે. - પ્રતિક મહેતા



●ટેકનોલોજીના યુગમાં ઈન્ટરનેટ મહત્વનો ફાળો ભજવે છે. નેટ બંધ થવાથી ઘણા બધા બિઝનેસને મોટો ફટકો પડે છે. ઈન્ટરનેટ બંધ થવાથી સોશ્યલ મીડીયા પર ચીપકી રહેલા યુવાનોને ટાઈમ ક્યાં પસાર કરવો તે મુંઝવણ ઉભી થશે. - ઋષીકેશ મહેતા



● આ દિવસોમાં વ્હોટસએપ અને ફેસબુક જેવી સોશ્યલ મીડીયા સાઈટનો ઉપયોગ વધી રહ્યો છે. એના વિના કામ અટકી પડે છે. ફરીવાર ઈન્ટરનેટ બંધ થતાં યુવાનોને સમય ક્યાં પસાર કરવો તેની મથામણ કરવી પડશે. - નિરવ પરમાર

## રામદેવપીર મંદિર સેક્ટર-૧૨ ખાતે સંતવાણી કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેરના સેક્ટર-૧૨ સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડ ખાતે આવેલ રામદેવપીર મંદિરે નેજા ચઢાવવાના પાવન પ્રસંગ નિમિત્તે આગામી તા. ૨૧ સપ્ટેમ્બરના રોજ રાત્રે ૯ કલાકે ભજન સંતવાણી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જ્યારે ભાદરવા સુદ નોમને તા. ૨૨ સપ્ટેમ્બરને મંગળવારના રોજ સવારે ૯ થી ૧૨ કલાકે નેજા (નિશાન) ચઢાવવામાં આવશે. જેમાં પહેલુ નેજુ (નિશાન) વાવોલ ગામના અગ્રણી વિક્રમસિંહ ગોલના હસ્તે તઢશે. ત્યારબાદ અન્ય મહાનુભાવો દ્વારા નેજા ચઢાવવામાં આવશે. આ પ્રસંગે ચીમનભાઈ વિંઝુડા (મહાનગરપાલિકા લીડર), હસમુખભાઈ મકવાણા (ડેપ્યુટી લીડર, ગાંધીનગર મહાનગર પાલિકા), પિન્કીબેન પટેલ, કોર્પોરેટર, બળદેવભાઈ વાઘેલા, પ્રોફેસર સે. ૨૫, ચતુરભાઈ તલવાડી, માજી મામલતદાર સે. ૬-બી, કે.પી. સોલંકી, જિલ્લા મહામંત્રી કોંગ્રેસ સમિતિ ગાંધીનગર સહિત પૂજારી વાઘેલા કેશાભાઈ નાગરભાઈ, સે. ૧૨, વાઘેલા વિનોદભાઈ નટુભાઈ, વિનોદભાઈ, રાકેશભાઈ તેમજ મોટી સંખ્યામાં ભક્તો હાજર રહેશે.

## ગુજરાત વણકર સમાજની સફાઈ વિદ્યાલય ખાતે બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૧૯

વીરમાયા સ્મારક સમિતિ ગુજરાત વણકર સમાજની મહત્વની બેઠક ઝવેરભાઈ ચાવડાના અધ્યક્ષ સ્થાને અમદાવાદ ગાંધીઆશ્રમ સ્થિત સફાઈ વિદ્યાલય ખાતે યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

બેઠકમાં આગામી દિવસોમાં સૌરાષ્ટ્ર વિસ્તારમાં 'માયા રથ'નું આયોજન કરવા તેમજ સ્મારકના કામકાજ અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ બેઠકમાં સમાજના હોદ્દેદારો શામળભાઈ પરમાર, અનીલ ચક્રવતી, રતિલાલ મકવાણા, ડૉ. નરસિંહદાસ વણકર, કે.આઈ. પટેલ, ધીરજ સોલંકી, વિઠ્ઠલભાઈ પરમાર, પાનાચંદભાઈ, નવીનભાઈ, બાબુભાઈ સોલંકી, ગોવિંદભાઈ પરમાર, વી.પી. વણકર, જોઈતારામ તલાટી, ગણેશભાઈ, હર્ષદ ચાવડા વગેરે હાજર રહ્યા હતા.

# આજે એચ-ટાટ (H-TAT)ની પરીક્ષા લેવાશે

### રાજ્યભરના ૯ જિલ્લાઓમાં જુદા જુદા પરીક્ષા કેન્દ્ર પર પરીક્ષા યોજાશે : રાજ્યમાંથી કુલ ૪૨૫૭૧ ઉમેદવારો પરીક્ષા આપશે : પરીક્ષા દરમ્યાન થતી તમામ ગતિવિધિ પર ખાસ સ્કવૉડ બાજ નજર રાખશે

રાજ્યભરના નવા જિલ્લામાં જુદા જુદા પરીક્ષા કેન્દ્રો પર આજે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા એચ. ટાટ (H-TAT)ની સ્પર્ધાત્મક પરીક્ષા બપોરે ૧૨થી ૨ દરમ્યાન યોજાશે. જેમાં કુલ ૪૨૫૭૧ ઉમેદવારો ભાગ લેશે. આ પરીક્ષામાં તમામ ગતિવિધિ પર ખાસ ઉચ્ચ અધિકારીઓની બનેલી સ્કવૉડ બાજ નજર રાખશે. ગુજરાત રાજ્યમાં શિક્ષણ ક્ષેત્રે શિક્ષકો અને મુખ્ય શિક્ષકોની મોટી ઘટને દૂર કરવા માટે રાજ્ય પરીક્ષા બોર્ડ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક કક્ષાએ શિક્ષકોની ભરતી માટે શિક્ષક અભિયોગ્યતા કસોટીની પદ્ધતિ દાખલ કરી ટીઈટી (TET), ટીએટી (TAT) અને એચ. ટાટ (H-TAT)ની પરીક્ષા લે છે. જેમાં મેરીટના આધારે શિક્ષકોની ભરતી કરવામાં આવે છે. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ચાલુ વર્ષે એચ. ટાટ (H-TAT)ની પરીક્ષા માટે જાહેરાત બહાર પાડી હતી.

સરકારી શાળામાં મુખ્ય શિક્ષકની ભરતી માટે આજે રવિવારે રાજ્યના નવ જિલ્લાઓ અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, રાજકોટ, જામનગર, જુનાગઢ, ભાવનગર, સુરત અને મહેસાણા અલગ અલગ પરીક્ષા કેન્દ્ર પર પરીક્ષા યોજાશે. બપોરે ૧૨ થી ૨ દરમ્યાન કુલ ૧૫૦ ગુણનું પેપર લેવાશે. જેમાં ૧ પ્રશ્નનો ૧ ગુણ

**આજે રવિવારે અમદાવાદ સહિત રાજ્યના નવ જિલ્લામાં એચ.ટાટની પરીક્ષા યોજાશે. ત્યારે પાટીદાર અનામત આંદોલન મામલે આંદોલનકારી નેતા હાર્દિક પટેલની અટકાયત બાદ ઠેર ઠેર પુનઃ તોફાનો ફાટી નીકળતા પરીક્ષા આપવા જનાર ઉમેદવારો ચિંતિત બન્યા છે અને તોફાનોના પગલે પરીક્ષા લેવાશે કે મોકુફ રખાશે તેની ચિંતા કરી રહ્યા છે.**

રહેશે. આ પરીક્ષામાં ઉમેદવારી નોંધાવનાર કુલ ૪૨૫૭૧ ઉમેદવારો પરીક્ષા આપશે. જેમાં કુલ ૨૮૪૫૧ પુરૂષ, ૧૪૧૫૬ મહિલાઓ જ્યારે કેટેગરી મુજબ જનરલ કેટેગરીમાં ૧૯૪૪૦, એસસી કેટેગરીમાં ૪૯૫૪, એસટી કેટેગરીમાં ૫૨૧૮ અને એસ.સી. બીસીમાં ૧૨૯૫૯ ઉમેદવારોનો સમાવેશ થાય છે. આ પરીક્ષા માટે શારીરિક ખોડખાપણ ધરાવતા તથા માજી સૈનિકના કોટામાં કોઈ ઉમેદવારે ઉમેદવારી નોંધાવી નથી.

આજે રવિવારે યોજાનાર એચ.ટાટની પરીક્ષા માટે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવાઈ છે. રાજ્યભરના નવ જિલ્લાના પરીક્ષા કેન્દ્રો પર તમામ ગતિવિધિઓ પર ધ્યાન રાખવા અને પરીક્ષામાં થતી ચોરી તેમજ ગેરરીતિઓને અટકાવવા વર્ગ-૧ના અધિકારીઓની અલગ અલગ ખાસ સ્કવૉડની રચના કરવામાં આવી છે. જે પરીક્ષા દરમ્યાન બાજ નજર રાખશે તેમ રાજ્ય પરીક્ષા બોર્ડના સચિવ બિપીનભાઈ ત્રિવેદીએ માહિતી આપી હતી.